ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી સભ્યશ્રી અમિત ચાવડાની સુચના એટલે કે:-

તાજેતરમાં આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજિંગ કંપનીમાં આગ લાગતાં અગ્નિશામક દળના ચાર કર્મીઓ ગંભીર રીતે દાઝી ગયેલ છે. આ કંપનીમાં અગાઉ પણ આગની દુર્ઘટનાઓ બની હોવા છતાં સંચાલકો સામે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી દ્વારા કડક પગલાં ન લેવાતાં પુન: આગ લાગતા તંત્ર સામે રોષ અને ભયની લાગણી પ્રસરી છે, તે નિવારવા અને દાઝી ગયેલ કર્મીઓને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ.

---

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું નિવેદન તા.૨૨/૦૮/૨૦૨૪

---

આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજિંગ કંપનીમાં આગ લાગતાં અગ્નિશામક દળના ચાર કર્મીઓ ગંભીર રીતે દાઝી જવા બાબત :

તા.૦૬/૦૮/૨૦૨૪ ના રોજ રાત્રે આશરે ૦૮:૩૦ કલાકે ગામ- ગોપાલપુરા, તાલુકો / જિલ્લો આણંદ ખાતે આવેલી સત્યેન્દ્ર પેકેજિંગ કંપનીમાં આગનો બનાવ બનેલ જેમાં વલ્લભવિદ્યાનગર નગરપાલિકાના ફાયર વિભાગના (૧) શ્રી મુકેશભાઈ અરુણભાઈ પટેલ અને (૨) શ્રી ઉમેદસિંહ બાધરસિંહ ઠાકોર તથા આણંદ નગરપાલિકાના ફાયર વિભાગના (૧) શ્રી ભાવેશભાઈ વરુ તથા (૨) વિશાલસિંહ ડોડ એમ કુલ ૦૪ (ચાર) કર્મચારીઓ આગ બૂઝાવવાની કામગીરી દરમ્યાન દાઝેલ હતા જેઓને શ્રી ક્રિષ્ના હોસ્પિટલ, કરમસદ, તા.જી આણંદ ખાતે સારવાર અર્થે દાખલ કરેલ હતા જે પૈકી ૦૨ (બે) કર્મચારીઓને સારવાર આપી રજા આપેલ છે તથા ૦૨ (બે) કર્મચારીઓ સારવાર હેઠળ છે.

આ બનાવની જાણ થતા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, આણંદની કચેરીના અધિકારી તુરંત જ સ્થળ પર પહોંચી તપાસ કરવામાં આવેલ. આ કારખાનું 'સત્યેન્દ્ર પેકેજીંગ લિમીટેડ' નામે તા.૦૫/૦૯/૨૦૦૭ થી કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનું છે.

તપાસ દરમિયાન આ કારખાનામા આશરે બાર મહિનાથી વધુ સમયથી ઉત્પાદન પ્રક્રિયા બંધ હોવાનું જણાયેલ હતું તથા મશીનરી ખસેડી લીધેલ છે. પરંતુ કારખાનામાં પ્રિન્ટીંગ ઈન્કને મેટલ ડ્રમમાં સ્ટોરેજ કરેલ હતું જે સ્ટોરેજ એરિયામાં ઇલેક્ટ્રીક શોર્ટ સર્કીટના કારણે તા.૦૬/૦૮/૨૦૨૪ના રોજ રાત્રે આશરે ૦૮:૩૦ કલાકે આગ લાગવાનો બનાવ બનેલ. વધુ તપાસ માટે એફ.એસ.એલ.નો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રના સંબધિત અધિકારીશ્રીઓ દ્વારા સદરહુ જગ્યાની વિગતો અને ફોટોગ્રાફ્સ લેવામાં આવેલ અને સ્ટોરેજ એરિયા તથા તેની બાજુમાં આવેલ શેડના ભાગમાં ભવિષ્યમાં ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરતાં પહેલા સૂચવેલ સલામતી અંગેના પગલાંઓનું પાલન કરવા માટે મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, આણંદ દ્વારા કારખાના ધારા, ૧૯૪૮ની જોગવાઇ હેઠળ મનાઈ હુકમ આપવામાં આવેલ છે.

છેલ્લા બે વર્ષમાં આ કારખાનામાં કોઇ આગની દુર્ઘટના બની હોવાનું જણાયેલ નથી.

આ અકસ્માતમાં દાઝેલ અગ્નિશામક દળના ઉક્ત (ચાર) કર્મચારીઓ કારખાના ધારા, ૧૯૪૮ ની જોગવાઈઓ અનુસાર શ્રમિકની વ્યાખ્યામાં આવતા ન હોઈ તેઓને શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તરફથી સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ,આ અગ્નિશામક દળના ઉક્ત (ચાર) કર્મચારીઓના સારવારનો ખર્ચ હાલ સત્યેન્દ્ર પેકેજીંગ સંસ્થા દ્વારા ઉઠાવવામાં આવી રહેલ છે અને ત્યારબાદનો ખર્ચ નગરપાલિકાના સ્વ-ભંડોળમાંથી કરી શકાશે તેમ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જણાવેલ છે.

----------------------------------------------------------------------------------------